ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ડો. ફારુક પટેલ સહીતનું પ્રતિનિધિમંડળ એનએસએ અજીત ડોવલને મળ્યું



સુરત:નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવલની ઉપસ્થિતિમાં દેશના પ્રતિષ્ઠિત નેતાઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સામાજિક અગ્રણીઓએ શિષ્ટાચાર મુલાકાત યોજી હતી. આ પ્રતિનિધિ મંડળમાં સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને કેપી ગ્રુપના ચેરમેન ડો .ફારુક પટેલ પણ સામેલ રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં દેશના સર્વાંગી વિકાસ, નવીનતા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. પ્રતિનિધિમંડળના સભ્યો દ્વારા દેશના વિકાસમાં ઉદ્યોગ ક્ષેત્રની ભૂમિકા, યુવા શક્તિ અને ટેકનોલોજીના ઉપયોગ અંગે પણ વિચારવિમર્શ થયો હતો. ડો. ફારુક પટેલે આ મુલાકાત અંગે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તરે એવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વો સાથે સંવાદ કરવાનો અવસર મળવો ગૌરવની બાબત છે. તેમણે ઉમેર્યું હતું કે આવા અર્થસભર સંવાદો દેશને વધુ મજબૂત બનાવવા માટે પ્રેરણા આપે છે અને એકતા તથા સહયોગના ભાવને મજબૂત બનાવે છે.

સંદેશ

# કેપી ગ્રૂપના ચેરમેનની એનએસએના અજીત ડોવાલ સાથેની મુલાકાત



સુરતના ઉદ્યોગપતિ કેપી ગ્રૂપના ચેરમેન ડો. ફારુક પટેલ સહીતના પ્રતિનિધિ મંડળે એનએસએ અજીત ડોવાલની મુલાકાત લીધી હતા. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવલની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત નેતાઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સામાજિક અગ્રણીઓએ એક શિષ્ટાચાર ભેટ કરી જેમાં ડો. ફારુક પટેલ પણ સામેલ હતા.